
# ગાંધીનગરના દર દસ પરિવારે ૬થી વધુ પરિવાર બેંક ખાતેદાર

ગુજરાતની વસ્તી ગણતરી ૨૦૧૧નો અહેવાલ એમ દર્શાવે છે કે ગુજરાતના ૫૮ ટકાથી વધુ પરિવારો બેન્કિંગ સેવાનો ઉપયોગ કરે છે. આમ જોઈએ તો આ વસ્તી ગણતરીની માહિતી ૨૦૧૧ની છે. એટલે કે નોટબંધી અને ડિજિટલ ઈન્ડિયા પહેલાના દિવસોથી દર દસ પરિવારે છ ગુજરાતી પરિવારો બેંકસેવાના ઉપયોગ સાથે સંકળાયેલા છે, જે સામાજિક અને આર્થિક બંને દ્રષ્ટિકોણથી ખૂબ સારી બાબત ગણી શકાય. ગુજરાતના કુલ ૧.૨૧ કરોડ પરિવારોમાંથી ૭૦ લાખ પરિવારો બેન્કિંગ સેવાનો ઉપયોગ કરતા પરિવારો છે. જોકે ગ્રામીણ ગુજરાત અને શહેરી ગુજરાતની વિગતો અલગ અલગ રીતે ટકાવારીમાં જોઈએ તો અનુક્રમે ૫૧ ટકા અને ૬૬ ટકા પરિવારો બેંક સેવાનો ઉપયોગ કરે છે. આમ શહેરી ગુજરાત કરતા ગ્રામીણ ગુજરાત બેંક સેવાનો ઓછો ઉપયોગ કરે છે એમ કહી શકાય. શહેરની સરખામણી એ આટલું ટકાવારીનું અંતર સ્વાભાવિક પણ છે.




**ગુજરાત કરતાં બેંકિંગ સેવાના ઉપયોગમાં ગાંધીનગર આગળ**

બેન્કિંગ સેવાનો ઉપયોગ કરવો કે પરિવારના સદસ્યનું બેંકમાં ખાતુ હોવું એ આમ સીધી રીતે બહુ મોટી વાત આપણને શહેરીઓને ન લાગે, પરંતુ 'બેંક સાથેનું એક ગ્રાહક તરીકેનું જોડાણ હકિકતમાં પરિવારની આર્થિક બાબત સાથે આડકતરી રીતે જોડાયેલું છે જ તેની સાથે સામાજિક વિકાસની સાથે પણ તે સીધું જોડાણ ધરાવે છે. ગુજરાતના અડધોઅડધ પરિવારો બેંક સેવાનો ઉપયોગ કરે છે એ આંકડાકીય વિગતોને આપણે સામાજિક વિકાસના સંદર્ભમાં સમજવું હોય તો પણ સમજી શકાય એવું છે. આર્થિક બાબત સામાજિક રીતે પણ કેવું ઉપયોગી છે એ બાબત તેના ઉપરથી સમજી શકાય છે. ઉદાહરણ તરીકે આપણે જોઈએ તો જેટલા બેંકના ખાતાઓ છે તેની આડકતરી વિગતો જોઈએ તો જે પરિવારમાં ખાનગી કે સરકારી નોકરી સાથે સંકળાયેલા હોય તેમના બેંકમાં એકાઉન્ટ હોય, આ ઉઅપરાંત જે પરિવારના બાળકો શિષ્યવૃત્તિના લાભ સાથે શિક્ષણ મેળવી રહ્યા હોય તેમના એકાઉન્ટ હોય કારણ કે સરકાર હવે કોઈને રોકડ સ્વરૂપે શિષ્યવૃત્તિ આપતી નથી પરંતુ ખાતામાં જ જમા થાય છે. તેવી જ રીતે જે ખેડૂતો સહકારી મંડળીઓ સાથે સહકારથી પોતાનો ખેતીનો વ્યવસાય કરતા હોય તેમના એકાઉન્ટ હોય, તે જ રીતે પેન્શનર અને વિધવા મહિલાઓ હોયને પેન્શન મેળવતા હોય તેમના એકાઉન્ટ હોય, આ ઉપરાંત જે ગૃહિણીઓ કે પરિવારના સદસ્યો ઘર ખર્ચમાંથી બચત કરીને નાની મોટી બચત-રોકાણ કરતા હોય તેમના પણ ખાતા હોય. આમ બેંક ખાતાની વિગત માંથી બેંકોનો કે સરકારી સેવાઓનો લાભ કેવી રીતે પહોંચે છે તેનો ચિતાર પણ આપણને સહેજે મળી શકે છે. બેંક સાથેનું જોડાણ એ માત્ર પરિવાર નું જોડાણ નથી પરંતુ એ પરિવારનું જોડાણ આ પરિવારો આર્થિક દષ્ટિએ વધુ સજ્જતા સાથે સ્થિરતા તરફ વધી રહ્યા છે એમ પણ સમજી શકાય. એવી જ રીતે બેંક સેવાનો ઉપયોગ જો બજારના સંદર્ભમાં અને દેશના હિતમાં જોવો

● અનુસંધાન પાન-૭ પર



હવે તો વરસો... - રોજ વાદળો આવે અને મીસકોલ કરીને જતા રહે છે... કોણ જાણે કેમ આપણાથી રીસાયા હોય એમ મેઘરાજા વરસતા નથી... હવે, ધીરજનો અંત આવતો જાય છે... નુકસાન વધતું જાય છે... આવનારા દિવસોની કલ્પના ફફડાવે છે... હવે મોડુ કર્યા સિવાય એકાદ-બે દિવસમાં મન મૂકીને વરસી પડો એ જ પ્રાર્થના અને એ જ અરજ છે પરમ તત્વને....

# સ્વચ્છતા દર્પણમાં જિલ્લો રાજ્યમાં ૬૭ ગુણાંક સાથે સાતમા ક્રમે

ગાંધીનગર, તા. ૧૪

ભારત સરકાર દ્વારા દેશના ૬૦૦ જિલ્લામાં ચાલી રહેલા સ્વચ્છતા દર્પણ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લો રાજ્યમાં ૭મા ક્રમે દેશમાં ૧૧ ક્રમે હાલ છે.

આ યોજના માટે ખાસ માર્કીંગ સિસ્ટમ પણ નિયત કરવામાં આવી છે. રાજ્યમાં જિલ્લો ૬૭ જેટલા ગુણો સાથે આ સ્થાને પહોંચ્યો છે. પ્રથમ સ્થાને છોટાઉદેપુર છે તો બીજા સ્થાને દેવભૂમિ દ્વારકા છે. નર્મદા ત્રીજા સ્થાને અને સુરેન્દ્રનગર ૪થા સ્થાને તો અરવલ્લી પાંચમા સ્થાને તેમજ નવસારી ૬ઠ્ઠા સ્થાને છે.

દરમ્યાન તાજેતરમાં વિકાસ કમિશ્નરશ્રીના અધ્યક્ષસ્થાનો સ્વચ્છતા દર્પણ ભાગ-૩ અંતર્ગત સામુહિક સ્વચ્છતા સંકુલ નિર્માણની કામગીરી અંગે મળેલ બેઠકમાં એવો નિર્ણય કરાયો છે કે ૩ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોમાં ગામ દીઠ એક સામુહિક સ્વચ્છતા સંકુલનું બાંધકામ હોવુ જરૂરી છે.

સામુહિક શૌચાલયોમાં પાણીની સુવિધા ઉપલબ્ધ બનાવવા માટે પણ આ બેઠકમાં તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત બે શોષ ખાડાનું બાંધકામ પણ કરવાનું રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## આખુ તત્વજ્ઞાની જગત વ્યાસનુ કહેલુ જ કહે છે...

# વ્યાસ પૂર્ણિમાના લીધે ગુરુ પૂર્ણિમા.. વિશ્વગુરુ વેદ વ્યાસનુ પ્રથમ પૂજન થવુ જોઈએ

**વેદના ચાર ભાગો કરી શાખા પ્રશાખાઓમાં જાળવણી માટે આપ્યા : ઉપનિષદના સાહીત્યને મઠાર્યુ ભગવત ગીતાની રચના સહીત વેદાન્તશાસ્ત્રના બ્રહ્મસુત્રો અને ભાષ્યો જેના પર વર્તમાન ગુરુઓ પ્રવચન કરી પ્રસિધ્ધિ મેળવે એ વેદવ્યાસને જન્મદિવસે ભુલી જવુ એ બેઇમાની કહેવાય...ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજી**

ગાંધીનગર તા ૧૪

મફાભાઈ રામનવમીના દિવસે જન્મયા હોય તો પણ રામનવમી જ કહેવાય અને મફાનવમી... ન કહેવાય.. તેવી જ રીતે વ્યાસ પુર્ણિમા બાદ જ ગુરુ પુર્ણિમા કહી શકાય..અષાઢ સુદ પુનમના દિવસે વિશ્વગુરુ વેદ વ્યાસનો જન્મ થયો હતો. મોટ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની જેમ આ દિવસને વ્યાસ પુર્ણિમા કહેવાય છે. આ દિવસ વ્યાસજીનો છે. બધા પોતાના ગુરુની પુજા કરે છે. પરંતુ વ્યાસ પુજન પ્રથમ કરવુ જોઈએ. વેદ વ્યાસ વિશ્વ ગુરુ છે. ગરુના પણ ગુરુ છે. તે હીસાબે વર્તમાન ગુરુઓની પુજા વ્યાસજીના પ્રતિકરૂપે થાય છે... પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીના જણાંવ્યા મુજબ વ્યાસપુર્ણિમાના લીધે જ ગુરુપુર્ણિમા છે. હાલના વર્તમાન ગુરુઓ પણ વ્યાસને આભારી છે એટલે પોતાના સહીત સમગ્ર શિષ્ય વર્ગ સાથે મળી પ્રથમ તેમણે વ્યાસ પુજન કરવુ જોઈએ. આ વિધાન ધર્મ સિન્ધુ નામના ગ્રંથમાં જોવા મળે છે. આશ્ચર્યની વાત છે કે પોતાની પુજા કરાવવાની ઉતાવળમાં અત્યારના ગુરુઓ વેદ વ્યાસને વિસરી જાય છે કે શુ..? સમગ્ર માનવ જાતની ચિંતા કરતા વેદ વ્યાસે વેદના ચાર ભાગો કરી શાખા પ્રશાખાઓમાં જાળવણી માટે આપ્યા. હજારો શાખાઓ હતી પણ અત્યારે આપણે દેવાળિયા દિકરાની જેમ બધી જ લુપ્ત કરી દીધી હવે માત્ર ૧૧ થી ૧૨ જ રહી છે. જયારે ઉપનિષદના સાહિત્યને વ્યાસે મઠાર્યુ છે. વેદાન્ત શાસ્ત્રના બ્રહ્મસુત્રો ૫૦૦ થી વધુ બનાવ્યા.



ભગવત ગીતા પણ વેદ વ્યાસની રચના છે. જેના પરથી આદ્ય શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય અને રામાનંદાચાર્યએ વિવિધ ભાષ્ય અને અસંખ્ય વિવેચન કર્યા જેના પર વર્તમાન ગુરુઓ પ્રવચનો કરી રહ્યા છે. માટે જ વ્યાસ સર્વ કોઈના ઉપાદેય છે. આખુ તત્વજ્ઞાની જગત વ્યાસનુ જ કહેલુ જ કહે છે.. વેદ વ્યાસે સામાન્ય જનસમુદાયને વેદોનુ રહસ્ય સમજાય માટે

● અનુસંધાન પાન-૭ પર

### પંચદેવ મંદિરમાં ગુરુપુર્ણિમાએ વેદ વ્યાસજીનુ પુજન થશે

શહેરમાં સે-૨૨ પંચદેવ મંદિરમાં આગામી મંગળવારે ગુરુપુર્ણિમાના દિવસે સવારે ૧૦ કલાકે શ્રી વ્યાસપુજનનો ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવશે. પંચદેવ મંદિરમાં વ્યાસજીની મુર્તિ છે. જયારે પંચદેવ મંદિરના ધર્માચાર્ય પુ ફુલશંકર શાસ્ત્રીજી સવારના ૧૦ થી બપોરે ૪ કલાક સુધી મળશે.

# નાણાંપંચની ગ્રાન્ટના રૂ. ૨૩.૭૬ કરોડ મળ્યા

**ચારેય તાલુકાના ૩૦૩ ગામોને આ રકમ ફાળવી અપાશે : જળશક્તિના કામો હાથ ધરવા ભારત સરકારનો આગ્રહ**

ગાંધીનગર, તા. ૧૪

૧૪મા નાણાંપંચના ૨૦૧૯-૨૦ના પ્રથમ હપ્તાની ગ્રાન્ટ પેટે જિલ્લાને રૂ. ૨૩.૭૬ કરોડની જંગી રકમની ફાળવણી કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આ રકમ ચારેય તાલુકાઓને વસ્તીના આધારે ફાળવી આપવાના હુકમો પણ જિલ્લાતંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાને રૂ. ૮.૧૬ કરોડ, કલોલને ૫.૭૭ કરોડ, માણસાને રૂ. ૪.૪૦ કરોડ અને દહેગામને ૫.૪૧ કરોડની ફાળવણી પણ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટનો પ્રથમ હપ્તો આવતાં જ ગ્રામીણસ્તરે હવે વિકાસના કામોને નવો વેગ મળશે. આ નાણાંપંચે સમગ્ર રકમ ગ્રામ્ય વિસ્તારને જ ફાળવવાનો નિર્ણય કર્યો છે તેથી પંચાયતોમાં વિકાસ વેગીલો બન્યો છે.

દરમ્યાન ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયે પણ એક પત્ર લખીને ૧૪મા નાણાંપંચની આ ગ્રાન્ટમાંથી જળશક્તિ અભિયાનના વિવિધ કામો હાથ ધરવા માટેની ખાસ માર્ગદર્શક સૂચનાઓ પણ આપી છે. આથી જિલ્લામાં ચાલતા જળશક્તિ અભિયાનને પણ વેગ મળશે. ૧૪મા નાણાંપંચ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં વિલેજ ડેવલપમેન્ટ પ્લાન મુજબ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં પેયજળના કામો છે તેમજ સ્વચ્છતા માટેના કામો પણ હાથ ધરવા માટેની જોગવાઈ કરવામાં આવેલી છે.

નાણાંપંચની ગ્રાન્ટનુ આ અંતિમ વર્ષ છે અને જિલ્લાને આટલી જંગી રકમ પ્રાપ્ત થઈ હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ગુજરાતનું સહકારી માળખુ અભ્યાસ માટે મોડલરૂપ છે

**કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી માટે સેમિનાર : ગુજરાત-મહારાષ્ટ્રે દેશના આર્થિક અને સહકારના ક્ષેત્રના વિકાસ તેમજ ઉત્કર્ષમાં બહુમૂલ્ય યોગદાન આપ્યું : અમીન**

અમદાવાદ, તા.૧૪

ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ. દ્વારા આજે કો.ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીઝમાં ટેક્ષેશન વિષય પર બહુ મહત્વનો અને સૌપ્રથમવાર સ્ટેટ લેવલનો સેમીનાર યોજાયો હતો. આ સેમીનારમાં રાજયભરની વિવિધ ક્રેડિટ સોસાયટીઓના સભાસદો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે નેશનલ કો.ઓ.યુનિયન ઓફ ઈન્ડિયાના વાઈસ પ્રેસીડેન્ટ ઘનશ્યામ અમીન અને ગુજરાત રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીને જણાવ્યું હતું કે, ભારતમાં ગુજરાત અને મહારાષ્ટ્ર આ બે રાજયો એવા છે કે, જેણે દેશના આર્થિક અને સહકાર ક્ષેત્રના વિકાસ તેમ જ ઉત્કર્ષમાં બહુમૂલ્ય યોગદાન આપ્યું છે. ખાસ કરીને ગુજરાતે માત્ર દેશને જ નહી પરંતુ વિશ્વભરને સહકાર ક્ષેત્રમાં વિકાસ અને ઉત્કર્ષ માટે એક નવી રાહ ચીંધી છે. દેશના અન્ય રાજયો જ નહી પરંતુ વિશ્વભરના અનેક દેશોના સહકાર ક્ષેત્રના આગેવાનો અને નિષ્ણાતો ગુજરાતના સહકાર ક્ષેત્રના અભ્યાસ માટે અહીં આવે છે અને ગુજરાત સહકાર ક્ષેત્રને મોડલરૂપ માની તેમના ત્યાં આપણા પ્રકારની સહકારી વ્યવસ્થા ઉભી કરવા પ્રેરણા લે છે. આજે બદલાતા જમાનામાં ખાસ કરીને ડિજિટલ, હાઈટેક અને નવી કાયદાકીય તેમ જ ટેક્ષેશન-જીએસટી સહિતની જોગવાઈઓને લઈ હવે કો.ઓ.ક્રેડિટ સોસાયટીઓએ પણ તમામ રીતે સજ્જ થવુ પડશે અને સહકારી ક્ષેત્રના વિકાસને વધુ વેગવંતો બનાવવા મહત્વની ભૂમિકા અદા કરવી પડશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકાર પણ સહકારી ક્ષેત્રના ઉત્કર્ષ માટે સતત હકારાત્મક અભિગમ અપનાવી મદદરૂપ બની રહી છે ત્યારે કો.ઓ.ક્રેડિટ સોસાયટીઓએ તેમના આર્થિક વિકાસ અને સધ્ધરતામાં અવરોધરૂપ બનતા પરિબળોને ખાળવા જોઈએ.

રાજયના સહકારી ક્ષેત્રમાં ક્રેડિટ કો.ઓ.સોસાયટીઓ એ પાયાની ઈંટરૂપ છે કારણ કે, તે નાના અને મધ્યમવર્ગના લોકોને સૌથી ઓછા દરે અને સરળ ધિરાણ કરી તેમની જરૂરિયાતો પરિપૂર્ણ કરે છે, ત્યારે ટેકનોલોજીથી માંડી, સાધન-સુવિધા હોય કે પછી ટેક્ષેશન, જીએસટી અને કાયદાકીય જોગવાઈઓ કોઈપણ રીતે કો.ઓ.ક્રેડિટ સોસાયટીઓએ પાછળ રહેવું ના જોઈએ અને તેની આ નબળાઈઓ કે અવરોધો આ પ્રકારના સેમીનારો થકી દૂર કરી પોતાની પ્રતિબધ્ધતાનો પરિચય કરાવવો જોઈએ.



## ભાવનગર-ઉધમપુર જતી ટ્રેનને નગરજનોએ વધાવી

ગાંધીનગર શહેર વસાહત મંડળ અને અનેક સામાજીક સેવકોના પ્રયત્નોથી ગાંધીનગરમાં હવે અન્ય રાજયો અને શહેરો સાથે જોડતી ટ્રેઈન ઉપલબ્ધ થઈ છે.ભાવનગરથી ઉધમપુર વાયા ગાંધીનગર જતી ટ્રેન શરુ થઈ છે. આ ટ્રેનમાં લો હાઈટવાળા ડબ્બામાં એસી ટુ-થ્રી અને કેબીન આરક્ષીત કોચ પણ જોડવામાં આવ્યા છે. આ અઠવાડીક ટ્રેન રાજસ્થાનના જોધપુર સહીત કુલ અન્ય ૨૮ સ્ટેશનો પર જશે. ટ્રેનનું સ્વાગત વસાહત મંડળના અરૂણ બુચ, બી.એ. શુકલ, કીશોર જીકાદરા, પ્રદિપ સોલંકી, સુધીર દેસાઈ, બી.આર. પોરીયા, મહેન્દ્ર ચૌહાણ, ચંદુજી ઠાકોર, નિતીન પટેલ તેમજ મોટી જન સંખ્યામાં ઉપસ્થિત ભાઈ બહેનો દ્વારા કરાયું હતું. ડ્રાઈવર અને ગાર્ડને ફૂલમાળા પહેરાવી શ્રીફળ, ગોળધાણાથી મુસાફરો અને સ્ટાફનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે સાથે ટ્રેનની પુજા કરી આવકારવામાં આવી હતી.

# જિલ્લાના ૨૦૦ ગામ નાણાંપંચની પરફોમન્સ ગ્રાન્ટ માટે યોગ્યતા ધરાવે છે

**૨૦૧૭-૧૮માં ૧૮૧ ગામોને મળી હતી ૨૦૧૮-૧૯માં ૧૯ ગામોનો વધારો થયો**

ગાંધીનગર, તા. ૧૪

૧૪મા નાણાંપંચની પરફોમન્સ ગ્રાન્ટ મેળવવા માટે જિલ્લાના ૨૦૦ ગામોનો દાવો દરખાસ્તરૂપે તૈયાર કરી રાજ્ય સરકારે મોકલી આપવામાં આવેલ છે.

જે ગામો દ્વારા ૧૦૦ ટકા ગ્રાન્ટ વપરાશ થાય અને ગામની વેરા વસુલાતમાં વૃદ્ધિ થઈ હોય તેવી ગ્રામ પંચાયતોને આ પરફોમન્સ ગ્રાન્ટ મળતી હોય છે. લોકલ ફંડ દ્વારા આ હિસાબો તપાસવામાં આવે છે.

૨૦૧૭-૧૮ના વર્ષના હિસાબોની ચકાસણીને અંતે ૨૦૧૮-૧૯માં ૨૦૦ ગામો આ માટે યોગ્ય ગણાયા છે. આ યોગ્યતા પછી તેના માટે ખાસ માર્કિંગ સિસ્ટમ પણ કેન્દ્ર સરકારે અમલી બનાવી છે અને તેને આધારે આ ૨૦૦ ગામની દરખાસ્ત તૈયાર કરી મોકલી આપવામાં આવી છે.

આ ફરફોમન્સ ગ્રાન્ટ પેટે જે તે ગામને તેને મળેલ ગ્રાન્ટના ૧૦ ટકા સુધીની રકમ મળવા પાત્ર થાય છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૬-૧૭ના ખર્ચ-વપરાશને આધારે ૨૦૧૭-૧૮માં ૧૮૧ ગામોને આવી પરફોમન્સ ગ્રાન્ટ મળી હતી. જેમાં ગાંધીનગરના ૪૮, દહેગામના ૫૦, કલોલના ૩૫ અને માણસાના ૪૮ ગામોનો સમાવેશ થાય છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૨૦૧૮-૧૯માં દહેગામના ૬૮, ગાંધીનગરના ૫૧, કલોલના ૪૫ અને માણસાના ૩૬ ગામો માટે પરફોમન્સ ગ્રાન્ટની દરખાસ્ત રાજ્ય સરકારને મોકલવામાં આવી છે. જે હવે ટુંકમાં કેન્દ્ર સરકારને મોકલી આપામાં આવશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com